# SHREE VASISHTHA VIDHYALAYA

## Gujarati 2nd Language Worksheet 2026-27

Name: - ______________________

Roll No.: - ________ Worksheet No. TA1-01 Std.: - IV - ________

Date: - ________

### અપઠિત ગદ્યાંશ

મહાભારતમાં પાંડવો પાંચ ભાઈઓ હતા. તેમના નામ યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ હતાં. પાંચેય ભાઈઓ એકબીજાને ખૂબ પ્રેમ કરતા હતા. યુધિષ્ઠિર સત્ય અને ધર્મનું પાલન કરતા હતા. ભીમ ખૂબ બળવાન હતા. અર્જુન મહાન ધનુર્ધર હતા. નકુલ અને સહદેવ પણ ખૂબ હોશિયાર અને બહાદુર હતા. પાંડવોના સખા શ્રીકૃષ્ણ હતા. શ્રીકૃષ્ણ હંમેશાં પાંડવોને યોગ્ય માર્ગદર્શન આપતા હતા.

પ્રશ્ન-૧ ઉપરના ગદ્યાંશ પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) પાંડવો કેટલા ભાઈઓ હતા?

પાંડવો પાંચ ભાઈઓ હતા.

(૨) કોણ સત્ય અને ધર્મનું પાલન કરતા હતા?

યુધિષ્ઠિર સત્ય અને ધર્મનું પાલન કરતા હતા.

(૩) ભીમ કેવા હતા?

ભીમ ખૂબ બળવાન હતા.

(૪) મહાન ધનુર્ધર કોણ હતા?

અર્જુન મહાન ધનુર્ધર હતા.

(૫) પાંડવોના સખા કોણ હતા?

પાંડવોના સખા શ્રીકૃષ્ણ હતા.

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧) કબડીની ટીમમાં કેટલા ખેલાડી હોય છે?

(અ) પાંચ - પાંચ (બ) છ - છ ✓(ક) સાત - સાત

૨) કોણ આપણને ભીનામાંથી સૂકામાં સુવાડે છે?

(અ) પિતા ✓(બ) માતા (ક) દાદા

૩) એવરેસ્ટની આ પૂરી યાત્રામાં બચેન્દ્રીને કેટલો સમય લાગ્યો?

✓(અ) ૧૦ કલાક ૪૦ મિનિટ (બ) ૧૪ કલાક ૧૦ મિનિટ (ક) ૧ કલાક ૪૦ મિનિટ

૪) એવરેસ્ટ પર પહોંચવાની સૂચના કોણે આપી?

(અ) અંગદોરજીએ ✓(બ) લ્હાટૂએ (ક) કર્નલ ખુલ્લરે

૫) બચેન્દ્રી એવરેસ્ટની ટોચ પર ક્યારે પહોંચી?

(અ) ૨૪ મે ૧૯૮૩ (બ) ૨૩ મે ૧૯૬૪ ✓(ક) ૨૩ મે ૧૯૮૪

૬) ગુજરાતનું કયું નૃત્ય પ્રખ્યાત છે?

(અ) કથકલી ✓(બ) ગરબા (ક) ઘુમ્મર

Scanned with OKEN Scanner

પ્રશ્ન-3 પાઠના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.

(૧) બરફ દૂર કરવા બચેન્દ્રીએ પાવડાનો ઉપયોગ કર્યો.

(૨) કવિ દલપતરામ માતાના સ્નેહની વાત કરી રહ્યા છે.

(3) બાળક જ્યારે પડી જાય ત્યારે માતા ખમ્મા કહીને ઓવારણાં લે છે.

(૪) બાંગ્લાદેશનો રાષ્ટ્રીય ખેલ કબડ્ડી છે.

(૫) વિરોધી પાલામાં ગયેલ ખેલાડી નિરંતર કબડ્ડી-કબડ્ડી બોલતો હોય છે.

(૬) કોઈ ખેલાડી ઇજાગ્રસ્ત થાય તો તેની જગ્યાએ અવેજી ખેલાડી રમે છે.

(૭) ૮૫ કિ. ગ્રા. વજનથી વધારે વજન વાળી વ્યક્તિ કબડ્ડી રમી શકતી નથી.

પ્રશ્ન-૪ પાઠના આધારે નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(૧) દાદાજી બાળપણમાં હોકી રમતા હતા. [ × ]

(૨) બચેન્દ્રી એવરેસ્ટ પર ૧ વાગીને ૪૦ મિનિટે પહોંચી. [ × ]

(3) જ્યારે બાળક બીમાર હોય ત્યારે માતા તેની સંભાળ લેતી નથી. [ × ]

(૪) કોઈ કબડ્ડી ટીમ પોતાના ખેલાડી ૧૦ વાર બદલી શકે છે. [ × ]

(૫) દ્વારપાળોએ હીરકણીને અડધી રાત્રે દરવાજો ખોલીને જવા દીધી. [ × ]

પ્રશ્ન-૫ પાઠના આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

(૧) ભારતનો રાષ્ટ્રીય ખેલ કયો છે?

ભારતનો રાષ્ટ્રીય ખેલ હોકી છે.

(૨) બચેન્દ્રીના દલનેતા કોણ હતા?

બચેન્દ્રીના દલનેતા અંગદોરજી હતા.

(3) એવરેસ્ટ પર પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા કોણ હતી?

એવરેસ્ટ પર પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા બચેન્દ્રી પાલ હતી.

(૪) ભારત સિવાય કબડ્ડી કયા કયા દેશોમાં રમાય છે?

ભારત સિવાય કબડ્ડી નેપાળ, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને શ્રીલંકામાં રમાય છે.

(૫) બચેન્દ્રી પાલના રેગ્યુલેટર પર ઓક્સિજનનું પ્રમાણ કોણે વધારે કર્યું?

બચેન્દ્રી પાલના રેગ્યુલેટર પર ઓક્સિજનનું પ્રમાણ લ્હાટૂએ વધારે કર્યું.

Scanned with OKEN Scanner